॥ વેચાણ દસ્તાવેજ ॥

મિલકત

શહેર સુરત, ગામ મોજે કતારગામ,
રેવન્યું સર્વે નંબર ૮૬,
ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ),
ફાઈનલ પ્લોટ નંબર ૭૫ પૈકી,
"મલબેરી બંગલોઝ" પ્લોટ નંબર ....

વેચાણ રાખનાર - લખાવી લેનાર
શ્રી..

વેચાણ આપનાર - લખી આપનાર
વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ

GUNVANTRAI R. PATEL
M. Com., L.L.B., Advocate
2, Sumangal Shopping Centre, 2nd Floor,
Beside Varachha Police Station, Varachha Road,
SURAT.
Tele : 255 31 31 255 32 32

॥ વેચાણ દસ્તાવેજ ॥

(અવેજ રૂ. ૦,૦૦,૦૦૦/-)

શહેર સુરત, ગામ મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી, પ્લોટ નંબર .... થી નોંધવામાં આવેલ, "મલબેરી બંગલોઝ" પ્લોટ નંબર .... થી ઓળખવામાં આવતીં, ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ રૂ. ૦,૦૦,૦૦૦/- પુરા નો..

આજ રોજ, તારીખ ..... મી, માહે ...., સને ૨૦૨૨ ના દીને, શહેર સુરત માં..

એક તરફવાળા :(૧) શ્રી..
વેચાણ રાખનારા : ઉ.આ.વ. ૦૦, ધંધો : ....,
ઠેકાણું : ....
....
[PAN : ....]

(૨) શ્રી..
ઉ.આ.વ. ૦૦, ધંધો : ...., ઠેકાણું : એજન..
[PAN : ....]

જેમને અહીંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં એક તરફવાળા અને/અગર વેચાણ રાખનારા અને/અગર તમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં તમો એક તરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, એક્ઝિક્યુટર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદિ તમામનો સમાવેશ થાય છે તે એક તરફવાળા વેચાણ રાખનારા..

બીજી તરફવાળા : વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ
વેચાણ આપનારા : એક રજીસ્ટર્ડ કંપની,
ઠેકાણું : "મલબેરી બંગલોઝ"
રામકથા રોડ, કતારગામ, સુરત..
[PAN : AADCV 7018 B]

તેના વતી અને તરફે અધિકૃત કંપની ડિરેક્ટર,

મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા

ઉ.આ.વ. ૪૭, ધંધો : વેપાર, ઠેકાણું : એજન..

જેમને અહીંયા અને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં બીજી તરફવાળા અને/અગર વેચાણ આપનારા અને/અગર અમો એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દોના અર્થમાં અમો બીજી તરફવાળા વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ, તેના હાલના તથા વખતોવખતના ડિરેક્ટર્સ, એક્ઝિક્યુટર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઈત્યાદિ તમામનો સમાવેશ થાય છે, તે બીજી તરફવાળા વેચાણ આપનારા..

જત અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારાને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છીએ કે...

શહેર સુરત, ગામ મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી, પ્લોટ નંબર .... થી નોંધવામાં આવેલ, **"મલબેરી બંગલોઝ"** પ્લોટ નંબર .... થી ઓળખવામાં આવતીં, ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકત ના અમો બીજી તરફવાળા સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર છીએ. મજકૂર જમીન/મિલકત અમો બીજી તરફવાળાના સંપૂર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ માલિકી કબજા ભોગવટા વહીવટપણાંમાં ચાલી આવેલ છે. મજકૂર જમીન/મિલકત ઉપર અમો બીજી તરફવાળા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, સંબંધ, હિસ્સો છે નહીં, અને તેની હરકોઈ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો અમો બીજી તરફવાળાને સંપૂર્ણ હક્ક અને અધિકાર છે સહી.

મજકૂર જમીન/મિલકતના ટાઈટ્લ્સ તદ્દન ચોખ્ખા અને માર્કિટેબલ છે, તેનો ઈતિહાસ એવો છે કે...

મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન, રેવન્યું દફતરે, ખુશાલભાઈ ગોવનભાઈ ના નામ ઉપર માલિક, કબજેદાર તરીકે ચાલી આવેલ હતીં.

ત્યાર બાદ, મજકૂર ખુશાલભાઈ ગોવનભાઈ, તારીખ ૨૧-૦૨-૧૯૫૯ ના રોજ કે તે અરસામાં અવસાન પામતાં, પંચક્યાસ, પેઢીનામું, તેમજ પક્ષકારો અને વારસદારોએ આપેલ જવાબો અને સંમતી મુજબ, રેવન્યું દફતરેથી, મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈનું નામ કમી કરીને,

તેના સ્થાને, તેમના સીધી લીટીના વારસદારો પૈકી, તેમના સગીર પુત્ર નગીનભાઈ ખુશાલભાઈ, સ.વા. અંબાબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ ના વિધવાનું નામ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના માલિક, કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલ હતું. મજકૂર વારસાઈની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૨૦૫૩ થી તારીખ ૨૯-૦૩-૧૯૫૯ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૦-૦૬-૧૯૫૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં. ત્યાર બાદ, મજકૂર નગીનભાઈ ખુશાલભાઈ પુખ્ત વયના થતાં, તેમના વાલી તરીકેથી, અંબાબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ ના વિધવાનું નામ, રેવન્યું દફતરેથી તારીખ ૨૦-૦૭-૧૯૭૨ ના રોજ કમી કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ, મજકૂર નગીનભાઈ ખુશાલભાઈ, તારીખ ૦૫-૦૮-૧૯૮૭ ના રોજ કે તે અરસામાં અવસાન પામતાં, પંચક્યાસ, પેઢીનામું, તેમજ પક્ષકારો અને વારસદારોએ આપેલ જવાબો અને સંમતી મુજબ, રેવન્યું દફતરેથી, મર્હુમ નગીનભાઈ ખુશાલભાઈનું નામ કમી કરીને, તેના સ્થાને, તેમના વારસદારો તરીકે, સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવા, સગીર કમલેશકુમાર નગીનભાઈ, સગીર ગીતાબેન નગીનભાઈ, સગીર જ્યોત્સનાબેન નગીનભાઈ અને સગીર અનિલકુમાર નગીનભાઈ, સ.વા. સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવાના નામો, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના માલિક, કબજેદારો તરીકે દાખલ કરવામાં આવેલ હતાં. મજકૂર વારસાઈની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૭૮૭૫ થી તારીખ ૦૩-૦૨-૧૯૮૯ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૦૨-૦૪-૧૯૮૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, કમલેશકુમાર નગીનભાઈ, ગીતાબેન નગીનભાઈ, જ્યોત્સનાબેન નગીનભાઈ અને અનિલકુમાર નગીનભાઈ પુખ્ત વયના થતાં, સગીર ના વાલી તરીકેથી સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવાનું નામ કમી કરવામાં આવેલ હતું.

ત્યાર બાદ, સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવા, કમલેશકુમાર નગીનભાઈ પટેલ, ગીતાબેન નગીનભાઈ પટેલ, જ્યોત્સનાબેન નગીનભાઈ પટેલ અને અનિલકુમાર નગીનભાઈ પટેલએ, તેમની મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, હે. ૧, આરે ૨૧, ૪૧ ચોરસ મીટર ના ક્ષેત્રફળ વાળી, સંપુર્ણ પુરેપુરી જમીન, રમેશભાઈ ગોપાળભાઈ મયાણી, શાંતાબેન ગોપાળભાઈ મયાણી, ભગવાનભાઈ કરમશીભાઈ ખેની, ધુમેનભાઈ ભગવાનભાઈ ખેની, કમલેશભાઈ ભગવાનભાઈ ખેની, લખમણભાઈ કરમશીભાઈ ખેની, કિશોરભાઈ લખમણભાઈ ખેની અને ધર્મેશભાઈ લખમણભાઈ ખેની, તેમજ હરેશભાઈ ગોપાળભાઈ મયાણી અને ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી ને, તારીખ ૨૦-૦૬-૧૯૯૭ ના રોજ વેચાણ દસ્તાવેજ લખી આપીને વેચાણ આપેલ હતીં. જે વેચાણ દસ્તાવેજ, સુરત ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં અનુક્રમ નંબર ૮૫૯૮ થી તારીખ

૨૦-૦૬-૧૯૯૭ ના રોજ નોંધવામાં આવેલ હતો. મજકૂર વેચાણ દસ્તાવેજમાં, કમલેશકુમાર નગીનભાઈ પટેલએ જાતે તથા બાકીના સહમાલિકોના કુલ મુખત્યાર તરીકે, સહી-મત્તા કબુલાત કરેલ હતીં. મજકૂર વેચાણની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૮૬૪૧ થી તારીખ ૧૬-૧૨-૧૯૯૮ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૦૪-૦૨-૧૯૯૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના મુળ માલિક એવા, મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈની વારસદાર દીકરીઓ પૈકી, કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલની દીકરી અને કીકાભાઈ હાંસજીભાઈ પટેલ ના પત્નિએ, મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈના સીધી લીટીના વારસદાર હોવાની રૂએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન અને અન્ય જમીનોમાં હિસ્સો મેળવવા તથા રેવન્યું દફતરે વારસાઈ અંગે કરવામાં આવેલ નોંધો, એન્ટ્રી નંબર ૨૦૫૩ અને ૭૮૭૫ રદ કરવા માટે, સુરત ના સીવીલ જડજ (સી.ડી.) ની કોર્ટ સમક્ષ, સ્પે. દિવાની મુકદમા નંબર ૩૪૪/૧૯૯૬ દાખલ કરેલ હતો.

ત્યાર બાદ, કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલની દીકરી અને કીકાભાઈ હાંસજીભાઈ પટેલના પત્નિએ, ખુશાલભાઈ ગોવનભાઈનું અવસાન થયાં બાદ, રેવન્યું દફતરે કરવામાં આવેલ વારસાઈ નોંધ, એન્ટ્રી નંબર ૨૦૫૩, તારીખ ૨૯-૦૩-૧૯૫૯, રદ કરવા માટે, નાયબ કલેક્ટર, ચોર્યાસી પ્રાંત, સુરત સમક્ષ, એક વિવાદ અરજી કરેલ હતીં. જે કામે, નાયબ કલેક્ટર, ચોર્યાસી પ્રાંત, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : આરટીએસ / અપીલ નં. ૨૩૪/૦૩, તારીખ ૦૨-૦૮-૨૦૦૪ થી, વિવાદ અરજી નામંજુર કરેલ હતીં તથા સ્પે. દિવાની મુકદમા નંબર ૩૪૪/૧૯૯૬ માં આખરી નિર્ણય જે આવે, તે પ્રમાણે અમલ કરવા ઠરાવેલ હતું. તે પ્રમાણે કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલની દીકરી અને કીકાભાઈ હાંસજીભાઈ પટેલના પત્નિએ, નગીનભાઈ ખુશાલભાઈનું અવસાન થયાં બાદ, રેવન્યું દફતરે કરવામાં આવેલ વારસાઈ નોંધ, એન્ટ્રી નંબર ૭૮૭૫, તારીખ ૦૩-૦૨-૧૯૮૯ અને રમેશભાઈ ગોપાળભાઈ મયાણી, શાંતાબેન ગોપાળભાઈ મયાણી, ભગવાનભાઈ કરમશીભાઈ ખેની, ધુમેનભાઈ ભગવાનભાઈ ખેની, કમલેશભાઈ ભગવાનભાઈ ખેની, લખમણભાઈ કરમશીભાઈ ખેની, કિશોરભાઈ લખમણભાઈ ખેની અને ધર્મેશભાઈ લખમણભાઈ ખેની, તેમજ હરેશભાઈ ગોપાળભાઈ મયાણી અને ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની તરફેણમાં કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજની રેવન્યું દફતરે કરવામાં આવેલ નોંધ, એન્ટ્રી નંબર ૮૬૪૧, તારીખ ૧૬-૧૨-૧૯૯૮ રદ કરવા માટે, નાયબ કલેક્ટર, ચોર્યાસી પ્રાંત, સુરત સમક્ષ, એક વિવાદ અરજી કરેલ હતીં. જે કામે, નાયબ કલેક્ટર, ચોર્યાસી પ્રાંત, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : આરટીએસ / અપીલ નં. ૧૨/૦૪, તારીખ ૨૪-૦૮-૨૦૦૪ થી, વિવાદ અરજી નામંજુર કરેલ હતીં તથા સ્પે. દિવાની મુકદમા નંબર ૩૪૪/૧૯૯૬ માં આખરી નિર્ણય જે આવે, તે પ્રમાણે અમલ કરવા ઠરાવેલ હતું. નાયબ કલેક્ટર, ચોર્યાસી પ્રાંત, સુરતના, તારીખ ૦૨-૦૮-૨૦૦૪

અને તારીખ ૨૪-૦૮-૨૦૦૪ ના રોજ ના હુકમોથી નારાજ થઈને, મજકૂર કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલ ની દીકરી અને કીકાભાઈ હાંસજીભાઈ પટેલ ના પત્નિએ, કલેક્ટર, સુરત સમક્ષ દાખલ કરેલ અપીલોના અનુસંધાનમાં, કલેક્ટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : આરટીએસ / અપીલ / રજી. નં. ૮૪/૨૦૦૪, અને આરટીએસ / અપીલ / રજી. નં. ૮૮/૨૦૦૪, તારીખ ૦૮-૦૪-૨૦૦૫ થી, અપીલો ગ્રાહ્ય રાખેલ હતીં તથા નાયબ કલેક્ટર, ચોર્યાસી પ્રાંત, સુરતના, તારીખ ૦૨-૦૮-૨૦૦૪ અને તારીખ ૨૪-૦૮-૨૦૦૪ ના રોજ ના હુકમોને રદ કરીને, મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈનું પેઢીનામું બનાવીને, કાયદેસરના સીધી લીટીના તમામ હયાત વારસદારોના નામો, રેવન્યું દફતરે દાખલ કરવા હુકમ કરેલ હતોં.

કલેક્ટર, સુરત ના હુકમ ક્રમાંક : આરટીએસ / અપીલ / રજી. નં. ૮૪/૨૦૦૪ અને આરટીએસ / અપીલ / રજી. નં. ૮૮/૨૦૦૪, તારીખ ૦૮-૦૪-૨૦૦૫ થી નારાજ થઈને, જમીન માલિકો સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવા, વગેરેએ, અગ્ર સચિવ, (વિવાદ) મહેસુલ વિભાગ, અમદાવાદ સમક્ષ એક રીવીઝન અરજી કરેલ હતીં. જે કામે, અગ્ર સચિવ (વિવાદ), મહેસુલ વિભાગ, અમદાવાદએ, તેમના હુકમ ક્રમાંક : મવિવિ/ હકપ / સત / ૬૯/૦૫, ૭૦/૦૫, તારીખ ૨૧/૨૩-૦૨-૨૦૦૬ થી, રીવીઝન અરજી નામંજુર કરેલ હતીં તથા કલેક્ટર, સુરત ના તારીખ ૦૮-૦૪-૨૦૦૫ ના હુકમોમાં સુધારો કરીને, વારસાઈની નોંધો, એન્ટ્રી નંબર ૨૦૫૩ અને ૭૮૭૫ તથા વેચાણની નોંધ, એન્ટ્રી નંબર ૮૬૪૧ રદ કરવા તથા મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈની નિયમોનુસાર વારસાઈની કાર્યવાહી કરવા હુકમ ફરમાવેલ હતોં. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૯૬૩૪ થી તારીખ ૨૩-૦૩-૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૮-૧૨-૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, અગ્ર સચિવ (વિવાદ), મહેસુલ વિભાગ, અમદાવાદના, હુકમ ક્રમાંક : મવિવિ/ હકપ / સત / ૬૯/૦૫, ૭૦/૦૫, તારીખ ૨૧/૨૩-૦૨-૨૦૦૬ ના અનુસંધાનમાં, એન્ટ્રી નંબર ૨૦૫૩, ૭૮૭૫ અને ૮૬૪૧ રદ કરવામાં આવેલ હતીં. તથા મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈની નવેસરથી વારસાઈની કાર્યવાહી કરવામાં આવેલ હતીં. જેના અનુસંધાનમાં, તૈયાર કરવામાં આવેલ પેઢીનામું તથા પંચક્યાસ મુજબ, મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈના સીધી લીટીના હયાત વારસદારો, (૧) મંછીબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી; (૨) રતનબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી; (૩) મણીબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી; (૪) કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી; (૫) મંજુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી; (૬) મર્હુમ દૂધીબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી અને મોહનભાઈ ના પત્નિના સીધી લીટીના વારસદારો (૬/૧) પુત્રી ગીતાબેન, (૬/૨) પુત્રી મર્હુમ બબલીબેન, તે ઉત્તમભાઈ ના પત્નિ ના વારસદારો દિપકભાઈ ઉત્તમભાઈ (પુત્ર), હેમંતભાઈ ઉત્તમભાઈ (પુત્ર), (૬/૩) પુત્ર મર્હુમ સુમનભાઈ મોહનભાઈ ના વારસદારો બેનાબેન તે સુમનભાઈ મોહનભાઈ ના વિધવા, મીનાબેન સુમનભાઈ, લલિતાબેન સુમનભાઈ, કાજલબેન સુમનભાઈ, રાકેશભાઈ સુમનભાઈ, સુનિતાબેન

સુમનભાઈ, કિરણબેન સુમનભાઈ, (૬/૪) પુત્ર મર્હુમ કાંતીભાઇ મોહનભાઈ ના વારસદારો રમણબેન તે કાંતીભાઇ મોહનભાઈ ના વિધવા, રેખાબેન કાંતીભાઈ, અનસુયાબેન કાંતીભાઈ, દિનેશભાઈ કાંતીભાઈ, વનિતાબેન કાંતીભાઈ, ગીતાબેન કાંતીભાઇ, સંજયભાઈ કાંતીભાઈ, મર્હુમ પુત્રી સુધાબેન કાંતીભાઈ, તે કિશોરભાઇ ના પત્નિ ના વારસદારો સગીર કિશનભાઈ કિશોરભાઈ, સગીર રાહુલભાઈ કિશોરભાઈ, સગીર નીકી (નિકેશ) કિશોરભાઈ સ.વા. કિશોરભાઈ; (૭) મર્હુમ સોમીબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી, તે ચીમનભાઈ ના પત્નિના સીધી લીટીના વારસદારો ઠાકોરભાઇ ચીમનભાઈ અને સોમાભાઈ ચીમનભાઈ; તથા (૮) મર્હુમ નગીનભાઈ ખુશાલભાઈ ના સીધી લીટીના વારસદારો સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવા, કમલેશકુમાર નગીનભાઈ, ગીતાબેન નગીનભાઈ, જ્યોત્સનાબેન નગીનભાઈ અને અનિલભાઈ નગીનભાઈ ના નામો, રેવન્યું દફતરે, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના માલિક, કબજેદારો તરીકે દાખલ કરવામાં આવેલ હતાં. મજકૂર વારસાઈની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૯૬૩૫ થી તારીખ ૨૯-૦૩-૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૮-૧૨-૨૦૦૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, રેવન્યું દફતરે કરવામાં આવેલ, એન્ટ્રી નંબર ૨૦૫૩, ૭૮૭૫ અને ૮૬૪૧ રદ કરવા અને મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈ ની નવેસરથી વારસાઈની કાર્યવાહી કરવા બાબતના, અગ્ર સચિવ (વિવાદ), મહેસુલ વિભાગ, અમદાવાદના, હુકમ ક્રમાંક : મવિવિ/ હકપ / સત / ૬૯/૦૫, ૭૦/૦૫, તારીખ ૨૧/૨૩-૦૨-૨૦૦૬ ની ફેરનોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૯૬૮૬ થી તારીખ ૨૦-૦૫-૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતીં, જે નોંધ, ફરીથી કરવામાં આવેલ હોયને, તારીખ ૨૮-૧૨-૨૦૦૬ ના રોજ રદ કરવામાં આવેલ હતીં.

મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન બાબતે, ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જુદી જુદી રીટ દાખલ કરવામાં આવેલ હતીં. જેના અનુસંધાનમાં, ગુજરાત હાઈકોર્ટએ, સ્પે. સી.એ. નં. ૪૭૭૮/૦૬, ૪૭૮૧/૦૬, ૪૭૮૪/૦૬, ૪૭૮૫/૦૬, ૪૭૮૬/૦૬, ૪૭૮૯/૦૬ અને ૮૩૭૨/૦૬ ના કામે, તારીખ ૨૬-૦૪-૨૦૦૬ ના રોજ આપેલ હુકમનામાથી, રેવન્યું દફતરે કરવામાં આવેલ એન્ટ્રી નંબર ૨૦૫૩, ૭૮૭૫ અને ૮૬૪૧ ચાલું રાખવા; તથા સુરત ના સીવીલ જડજ (સી.ડી.) ની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ, રે. દિવાની મુકદમા નંબર ૩૪૫/૧૯૯૬ ના કામે, જે નિર્ણય આવે, તે મુજબ અમલ કરવા હુકમ કરેલ હતોં. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૯૮૪૨ થી તારીખ ૧૨-૦૨-૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૦૧-૦૩-૨૦૦૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં. મજકૂર હુકમનામામાં શરત ચુકથી, રે. દિવાની મુકદમા નંબર ૩૪૪/૧૯૯૬ ને બદલે મુકદમા નંબર ૩૪૫/૧૯૯૬ લખાયેલ હોયને, તે સુધારો કરવા કરેલ અરજીના અનુસંધાનમાં, તારીખ ૧૩-૦૬-૨૦૧૪ ના રોજ સુધારા અરજી મંજુર કરતો હુકમ કરવામાં આવેલ હતોં.

રેવન્યું દફતર કોમ્પ્યુટરાઈઝેશન દરમ્યાન થયેલ ક્ષતિની સુધારણા માટે, મામલતદાર, સીટી તાલુકા, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : જમન / પ્રમોલગેશન / સુધારા હુકમ / મોજે. કતારગામ / રજી. ૧૧૬/૦૮, તારીખ ૧૧-૦૮-૨૦૦૮ થી ફરમાવ્યાં મુજબ, રેવન્યું દફતરે, જરૂરી દુરસ્તીકરણ કરવામાં આવેલ હતું. મજકૂર દુરસ્તીકરણની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૦૦૭૨ થી તારીખ ૦૫-૦૯-૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૦૨-૦૩-૨૦૦૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલ ની દીકરીએ, સુરત ના સીવીલ જડજ (સી.ડી.) ની કોર્ટ સમક્ષ દાખલ કરેલ, રે. દિવાની મુકદમા નંબર ૩૪૪/૧૯૯૬ ના કામે, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન બાબતે, ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, હરેશભાઈ ગોપાળભાઈ મયાણી, રમેશભાઈ ગોપાળભાઈ મયાણી, શાંતાબેન ગોપાળભાઈ મયાણી, ભગવાનભાઈ કરમશીભાઈ ખેની, ધુમેનભાઈ ભગવાનભાઈ ખેની, કમલેશભાઈ ભગવાનભાઈ ખેની, લખમણભાઈ કરમશીભાઈ ખેની, કિશોરભાઈ લખમણભાઈ ખેની અને ધર્મેશભાઈ લખમણભાઈ ખેની સાથે ખાનગી રાહે સમાધાન થયેલ હોયને, મજકૂર જમીન ઉપરનો તેમનો દાવો, મજકૂર રમેશભાઈ ગોપાળભાઈ મયાણી, વગેરેની તરફેણમાં છોડી દીધેલ હોયને, મજકૂર જમીન પરત્વેનો તેમનો દાવો, બીનશરતી પાછો ખેંચી લેવા બાબત, તારીખ ૨૧-૧૨-૨૦૧૩ ના રોજ અરજી કરતાં, સુરત ના અગ્યારમા એડીશનલ સીનીયર સીવીલ જડજએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન પુરતો દાવો પરત ખેચવા કરવા પરવાનગી, આપેલ હતીં. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૦૮૨૫ થી તારીખ ૨૦-૦૫-૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ હતીં. જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૨-૦૭-૨૦૧૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

રેવન્યું દફતરે કરવામાં આવેલ નોંધ, એન્ટ્રી નંબર ૧૦૮૨૫, તારીખ ૨૦-૦૫-૨૦૧૪ થી, અગાઉ ગુજરાત હાઈકોર્ટ ના હુકમની શરત અનુસાર, રે. દિવાની મુકદમા નંબર ૩૪૪/ ૧૯૯૬ દાવાના કામે, ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેની તરફેણમાં થયેલ સમાધાન મુજબના હુકમની અસર આપવામાં આવેલ ન હોયને, તથા રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૯૬૩૫ અને એન્ટ્રી નંબર ૧૦૦૭૨ થી દાખલ થયેલા નામો કમી ન કરવામાં આવતાં, લખમણભાઈ કરમશીભાઈ ખેનીએ, નાયબ કલેક્ટર, સીટી પ્રાંત, સુરત સમક્ષ અપીલ દાખલ કરેલ હતીં. જે કામે નાયબ કલેક્ટર, સીટી પ્રાંત, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : આરટીએસ / અપીલ નં. ૨૫૩/૧૪, તારીખ ૨૧-૧૦-૨૦૧૪ થી, એન્ટ્રી નંબર ૧૦૮૨૫ થી થયેલ નોંધ, રેવન્યું દફતરે બીજા હક્કમાં ચાલું રાખવા તથા એન્ટ્રી નંબર ૯૬૩૫ અને એન્ટ્રી નંબર ૧૦૦૭૨ થી, રેવન્યું દફતરે દાખલ થયેલ નામો કમી કરીને, એન્ટ્રી નંબર ૮૬૪૧, તારીખ ૧૬-૧૨-૧૯૯૮ મુજબ ના નામો, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના માલિક, કબજેદારો તરીકે દાખલ કરવા હુકમ કરેલ હતો. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર

૧૦૮૮૦ થી તારીખ ૧૪-૧૧-૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૩-૧૨-૨૦૧૪ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, સહમાલિકો પૈકીના હરેશભાઈ ગોપાળભાઈ મયાણી, તારીખ ૧૫-૧૦-૨૦૦૪ ના રોજ કે તે અરસામાં નિઃસંતાન અવસાન પામેલ હતાં તથા તેમની સીધી લીટીના વારસદાર એવા તેમના પત્નિ મધુબેનએ, નિઃસંતાન પુનઃલગ્ન કરેલ હોયને, તથા તેમની આડીલીટીના વારસદારો એવા માતા-પિતા-ભાઈ, ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, રમેશભાઈ ગોપાળભાઈ મયાણી અને શાંતાબેન ગોપાળભાઈ મયાણી ના નામો, રેવન્યું દફતરે, અગાઉથી સહમાલિક તરીકે દાખલ થયેલા હોયને, પંચક્યાસ, પેઢીનામું, તેમજ પક્ષકારો અને વારસદારોએ આપેલ જવાબો અને સંમતી મુજબ, રેવન્યું દફતરેથી, મર્હુમ હરેશભાઈ ગોપાળભાઈ મયાણીનું નામ, વારસાઈની રૂએ કમી કરવામાં આવેલ હતું. મજકૂર વારસાઈની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૦૯૩૪ થી તારીખ ૨૧-૦૫-૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ, તારીખ ૨૪-૦૭-૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, મર્હુમ હરેશભાઈ ગોપાળભાઈ મયાણી, રમેશભાઈ ગોપાળભાઈ મયાણી, શાંતાબેન ગોપાળભાઈ મયાણી, ભગવાનભાઈ કરમશીભાઈ ખેની, ધુમેનભાઈ ભગવાનભાઈ ખેની, કમલેશભાઈ ભગવાનભાઈ ખેની, લખમણભાઈ કરમશીભાઈ ખેની, કિશોરભાઈ લખમણભાઈ ખેની અને ધર્મેશભાઈ લખમણભાઈ ખેની ની તરફેણમાં, સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવા, કમલેશકુમાર નગીનભાઈ પટેલ, ગીતાબેન નગીનભાઈ પટેલ, જ્યોત્સનાબેન નગીનભાઈ પટેલ અને અનિલકુમાર નગીનભાઈ પટેલએ કરી આપેલ, લખી આપેલ, મજકૂર મોજે કતારગામના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનનો, અનુક્રમ નંબર ૮૫૯૮ થી તારીખ ૨૦-૦૬-૧૯૯૭ ના રોજ નોંધવામાં આવેલ વેચાણ દસ્તાવેજ તથા સમગ્ર વેચાણ વ્યવહારની સંમતી, સ્વીકૃતિ અને કબુલાત રૂપે, નર્મદાબેન તે ઠાકોરભાઈ ચીમનભાઈ પટેલની વિધવા, મનીષાબેન તે ઠાકોરભાઈ ચીમનભાઈ પટેલની દીકરી, દિવ્યેશ ઠાકોરભાઈ પટેલ અને સોમાભાઈ ઉર્ફે ઈશ્વરભાઈ ચીમનભાઈ પટેલએ, એક કન્ફર્મેશનનો લેખ, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેની તરફેણમાં, તારીખ ૩૧-૦૮-૨૦૧૫ ના રોજ લખી આપેલ હતોં, જે કન્ફર્મેશનનો લેખ, સુરત સીટી-૮ (રાંદેર) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં અનુક્રમ નંબર ૯૧૦ થી તારીખ ૩૧-૦૮-૨૦૧૫ ના રોજ નોંધવામાં આવેલ હતોં.

ત્યાર બાદ, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરીએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનમાં, મર્હુમ નગીનભાઈ ખુશાલભાઈ પટેલના સીધી લીટીના વારસદાર તરીકે હક્ક, હિસ્સો હોવાનો દાવો કરીને, સુરત ના પ્રિન્સીપલ સીવીલ જડજ ની કોર્ટ સમક્ષ, રે. દિવાની મુકદમા નં. ૩૭૪/૨૦૧૬ દાખલ

કરેલ હતો. જે દાવા ની કાર્યવાહી ચાલી જતાં, સુરત ના ૧૦ માં એડી. સીનીયર સીવીલ જડજએ, તેમના તારીખ ૨૪-૧૧-૨૦૧૬ ના રોજ ના હુકમનામાથી, મજકૂર દાવો અસ્વીકાર્ય (રીજેક્ટ) કરેલ હતોં. મજકૂર હુકમથી નારાજ થઈને ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરીએ, સુરતના પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ જડજની કોર્ટ સમક્ષ, એક રે. સીવીલ અપીલ નંબર ૧૧૦/૨૦૧૬ દાખલ કરેલ હતીં. ત્યાર બાદ, પક્ષકારો વચ્ચે સમાધાન થતાં, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરીએ, અપીલ બીનશરતી પરત ખેંચી લેતા, સુરત ના ૧૨ માં એડી. ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ, જડજએ, તારીખ ૧૯-૦૪-૨૦૧૭ ના અપીલ પરત ખેંચવાની પરવાનગી આપીને, અપીલ ફેસલ કરવા હુકમ કરેલ હતોં.

તે પ્રમાણે, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરીએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના બાંધકામ પ્લાન સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન મંજુર કરે નહીં, તે માટે સુરત ના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જડજ કોર્ટ સમક્ષ, રે. દિવાની મુકદમા નંબર ૬૫૭/૨૦૧૬ દાખલ કરેલ હતોં. ત્યાર બાદ, પક્ષકારો વચ્ચે સમાધાન થતાં, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરીએ, દાવો બીનશરતી પરત ખેંચી લેતા, સુરત ના ૧૧ માં એડી. સીનીયર સીવીલ, જડજએ, તારીખ ૧૯-૦૪-૨૦૧૭ ના દાવો પરત ખેંચવાની પરવાનગી આપીને, દાવો ફેસલ કરવા હુકમ કરેલ હતોં.

કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલ ની દીકરીએ, સુરત ના સીવીલ જડજ (સી.ડી.) ની કોર્ટ સમક્ષ દાખલ કરેલ, સ્પે. દિવાની મુકદમા નંબર ૩૪૪/૧૯૯૬ ના કામે, કંકુબેનએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન અંગેનો હક જતો કરીને, તે જમીન પુરતો, તેમનો દાવો કમી કરવા માટે કરેલ અરજીના અનુસંધાનમાં, પરવાનગી આપતાં અને દાવા માંથી, મજકૂર જમીન કમી કરતાં, સુરત ના અગ્યારમા એડીશનલ સીનીયર સીવીલ જડજના હુકમનામાથી નારાજ થઈને, મર્હુમ કાજલબેન તે સુમનભાઈ મોહનભાઈ પટેલની દીકરી અને પ્રવિણભાઈ રતિલાલ પટેલ ના પત્નિના વારસદારો એવા પ્રવિણભાઈ રતિલાલ પટેલ, જાતે તથા સગીર પ્રિન્સ પ્રવિણભાઈ પટેલના વાલી તરીકે તથા દિપકુમાર પ્રવિણભાઈ પટેલએ, મજકૂર સ્પે. દિવાની મુકદમા નંબર ૩૪૪, સને ૧૯૯૬ માં થર્ડ પાર્ટી તરીકે જોડાવા તથા સુરત ના સીવીલ જડજ (સી.ડી.) ની કોર્ટના હુકમને રીકોલ કરવા બાબતે, અરજી કરેલ હતીં. જેના અનુસંધાનમાં, સુરત ના બારમા એડીશનલ સીનીયર સીવીલ જડજએ, તારીખ ૨૭-૦૧-૨૦૧૭, તેમની અરજી અસ્વીકાર્ય (રીજેક્ટ) કરેલ હતીં. મજકૂર હુકમનામાથી નારાજ થઈને મજકૂર પ્રવિણભાઈ રતિલાલ પટેલએ, જાતે તથા સગીર પ્રિન્સ પ્રવિણભાઈ પટેલના વાલી તરીકે, અને દિપકુમાર પ્રવિણભાઈ પટેલએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ, સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૪૮૨૧/૨૦૧૭ થી દાખલ કરેલ હતીં. જે કામે મજકૂર પ્રવિણભાઈ રતિલાલ પટેલ, વગેરેએ, તેમની અરજી પરત ખેંચી લેતા, ગુજરાત હાઈકોર્ટએ, તેમના તારીખ ૧૦-૦૩-૨૦૧૭ ના રોજ ના હુકમનામાથી, મજકૂર પ્રવિણભાઈ

રતિલાલ પટેલ વગેરેને, સુરત ના સીવીલ જડ્જ (સી.ડી.) કોર્ટ સમક્ષ દાખલ થયેલ, સ્પે. દિવાની મુકદમા નંબર ૩૪૪, સને ૧૯૯૬ માં પક્ષકાર બનવા અને પોતાના દાવો-હક્કો પ્રસ્થાપિત કરવા, તેમજ જો ઈચ્છે તો સ્વતંત્ર રીતે અલગથી દાવો કરવા ફરમાવેલ હતું. .

તે પ્રમાણે, પ્રવિણભાઈ રતિલાલ પટેલ, દિપકુમાર પ્રવિણભાઈ પટેલ અને પ્રિન્સ પ્રવિણભાઈ પટેલ, સ.વા. પ્રવિણભાઈ રતિલાલ પટેલએ, નાયબ કલેક્ટર, સીટી પ્રાંત, સુરતના હુકમ ક્રમાંક : આરટીએસ / અપીલ નં. ૨૫૩/૧૪, તારીખ ૨૧-૧૦-૨૦૧૪ વિરૂધ્ધ, કલેક્ટર, સુરત, સમક્ષ એક રીવીઝન અરજી કરેલ હતીં. જે કામે, કલેક્ટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : આર.ટી.એસ. / રીવીઝન અરજી / રજી. નં. ૪૫૪/૨૦૧૬, તારીખ ૧૦-૦૧-૨૦૧૭ થી કેસની સુનાવણીની તારીખ નક્કી કરેલ હતીં. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૧૩૫ થી તારીખ ૧૯-૦૧-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૭-૦૩-૨૦૧૭ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં. ત્યાર બાદ, કલેક્ટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : આર.ટી.એસ. / રીવીઝન અરજી / રજી. નં. ૪૫૪/૨૦૧૬, તારીખ ૦૮-૦૧-૨૦૨૦ થી મજકૂર રીવીઝન અરજી વિલંબના મુદ્દે દાખલ થવા પાત્ર ન હોયને, અરજી દફતરે કરવા હુકમ કરેલ હતો. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૬૨૯ થી તારીખ ૨૭-૦૨-૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૧૮-૦૫-૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મચાણી, વગેરેએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનના બીનખેતી ઉપયોગની પરવાનગી મેળવવા માટે અરજી કરેલ હતીં, તે અરજીની વિરૂધ્ધ, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરી, તેમજ પ્રવિણભાઈ રતિલાલ પટેલ અને દિપકુમાર પ્રવિણભાઈ પટેલ એ, કલેક્ટર, સુરત સમક્ષ, વાંધા અરજી આપેલ હતીં. ત્યાર બાદ, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈ પટેલની દીકરીએ, તેમની વાંધા અરજી પરત ખેંચી લીધેલ હતીં. ત્યાર બાદ, કલેક્ટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : એ/બખપ/રજી. નં. ૧૦૫/૧૭ વશી ૩૭૮/૧૭ યુઆઈડી નં. ૧૦૪૨૮૪, તારીખ ૦૯-૦૬-૨૦૧૭ થી પ્રવિણભાઈ રતિલાલ પટેલ અને દિપકુમાર પ્રવિણભાઈ પટેલની વાંધા અરજી નામંજુર કરેલ હતીં, તથા નિયમાનુસાર બીનખેતી ઉપયોગની પરવાનગી અંગેની કાર્યવાહી કરવા હુકમ કરેલ હતીં.

ત્યાર બાદ, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મચાણી, વગેરેની તરફેણમાં, સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈ ના વિધવા, કમલેશકુમાર નગીનભાઈ પટેલ, ગીતાબેન નગીનભાઈ પટેલ, જ્યોત્સનાબેન નગીનભાઇ પટેલ અને અનિલકુમાર નગીનભાઇ પટેલએ કરી આપેલ, લખી આપેલ, મજકૂર મોજે કતારગામના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનનો, અનુક્રમ નંબર ૮૫૯૮ થી તારીખ ૨૦-૦૬-૧૯૯૭ ના રોજ નોંધવામાં આવેલ વેચાણ દસ્તાવેજ તથા સમગ્ર વેચાણ વ્યવહારની સંમતી, સ્વીકૃતિ અને કબુલાત રૂપે, ભાવનાબેન તે નગીનભાઈ ખુશાલભાઈની દીકરી એ, એક કન્ફર્મેશન લેખ, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મચાણી, વગેરેની તરફેણમાં, તારીખ ૧૯-૦૪-૨૦૧૭ ના રોજ લખી આપેલ હતો, જે કન્ફર્મેશન લેખ, સુરત સીટી-૮ (રાંદેર) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં અનુક્રમ નંબર ૨૯૫ થી તારીખ ૧૯-૦૪-૨૦૧૭ ના રોજ નોંધવામાં આવેલ હતો.

ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) જાહેર થતાં, મજકૂર, ગામ મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનને મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૪૬ ફાળવવામાં આવેલ છે. ત્યાર બાદ, ટેન્ટેટીવ રીકોન્સ્ટીટ્યુશન અન્વયે તેને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ ફાળવવામાં આવેલ, જે મુજબ ફાઈનલ પ્લોટ નંબર ૭૫ નું હાલનું ક્ષેત્રફળ ૮૫૦૦.૦૦ ચોરસ મીટર નક્કી થયેલ હતું, ત્યાર બાદ, મજકૂર ફાઈનલ પ્લોટ નંબર ૭૫ નું ક્ષેત્રફળ હાલમાં ૮૪૯૯.૦૦ ચોરસ મીટર નક્કી થયેલ છે.

મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીનના બીનખેતી ઉપયોગની પરવાનગી મેળવવા માટે કરવામાં આવેલ અરજી ના અનુસંધાનમાં, કલેક્ટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : એ / બખપ / એસ.આર. નં. ૧૦૭૭ / ID No. 215874 / વશી. ૪૬૦૧ થી ૪૬૦૯/૧૭, તારીખ ૧૬-૧૧-૨૦૧૭ થી રહેણાંક હેતુસર બીનખેતી ઉપયોગની પરવાનગી આપેલ હતી. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૨૦૩ થી તારીખ ૨૨-૧૨-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હતી, જે એન્ટ્રી ત્યાર બાદ, તારીખ ૨૧-૦૨-૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી. ત્યાર બાદ, મજકૂર હુકમની ફેરનોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૨૦૫ થી તારીખ ૨૩-૧૨-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ હતી, જે એન્ટ્રી ત્યાર બાદ, તારીખ ૨૧-૦૨-૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

કલેક્ટર, સુરતએ, તેમના હુકમ ક્રમાંક : એ / બખપ / એસ.આર. નં. ૧૦૭૭ / ID No. 215874 / વશી. ૪૬૦૧ થી ૪૬૦૯/૧૭, તારીખ ૧૬-૧૧-૨૦૧૭ થી નારાજ થઈને, પ્રવિણભાઈ રતિલાલ પટેલ અને દિપકુમાર પ્રવિણભાઈ પટેલ એ, સંયુક્ત સચિવ, મહેસુલ વિભાગ (વિવાદ), અમદાવાદ સમક્ષ એક રીવીઝન અરજી કરેલ હતી. જે કામે, સંયુક્ત સચિવ, મહેસુલ વિભાગ (વિવાદ), અમદાવાદએ, તેમના હુકમ ક્રમાંક : મવિવિ/ બખપ / સત / ૨૫/ ૨૦૧૭, તારીખ ૧૨/૧૭-૧૦-૨૦૧૮ થી, રીવીઝન અરજીનો અસ્વીકાર કરીને, કેસ દફતરે

કરવા હુકમ કરેલ હતો. જેની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૩૨૬ થી તારીખ ૨૪-૧૦-૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૧૨-૧૨-૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

ત્યાર બાદ, મજકૂર મોજે કતારગામના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનનો, ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેની તરફેણમાં, અનુક્રમ નંબર ૮૫૯૮ થી તારીખ ૨૦-૦૬-૧૯૯૭ ના રોજ નોંધવામાં આવેલ વેચાણ દસ્તાવેજ તથા સમગ્ર વેચાણ વ્યવહારની સંમતી, સ્વીકૃતિ અને કબુલાત રૂપે, તેમજ મજકૂર મિલકત અંગે, ઉત્તરોત્તર રેવન્યું કચેરીઓ, ઓથોરીટીઓ અને કોર્ટ-કચેરીઓ સમક્ષ કરવામાં આવેલ, તમામ પ્રકારના ઉત્તરોત્તર દાવાઓ, અપીલો ઈત્યાદી પરત ખેંચી લીધા હોવાની કબુલાત સ્વરૂપે, મર્હુમ કાજલબેન તે સુમનભાઈ મોહનભાઈ પટેલની દીકરી અને પ્રવિણભાઈ રતિલાલ પટેલ ના પત્નિના વારસદારો એવા, પ્રવિણભાઈ રતિલાલ પટેલ, દિપકુમાર પ્રવિણભાઈ પટેલ અને પ્રિન્સ પ્રવિણભાઈ પટેલએ, એક કન્ફર્મેશન લેખ, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેની તરફેણમાં, તારીખ ૧૬-૧૦-૨૦૧૮ રોજ લખી આપેલ હતોં, જે કન્ફર્મેશન લેખ, સુરત સીટી-૮ (રાંદેર) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં અનુક્રમ નંબર ૭૭૭ થી તારીખ ૨૦-૧૦-૨૦૧૮ ના રોજ નોંધવામાં આવેલ હતોં.

તે પ્રમાણે, મજકૂર મોજે કતારગામના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનનો, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરે ની તરફેણમાં, અનુક્રમ નંબર ૮૫૯૮ થી તારીખ ૨૦-૦૬-૧૯૯૭ ના રોજ નોંધવામાં આવેલ વેચાણ દસ્તાવેજ તથા સમગ્ર વેચાણ વ્યવહારની સંમતી, સ્વીકૃતિ અને કબુલાત રૂપે, તેમજ મજકૂર મિલકત અંગે, ઉત્તરોત્તર રેવન્યું કચેરીઓ, ઓથોરીટીઓ અને કોર્ટ-કચેરીઓ સમક્ષ કરવામાં આવેલ, તમામ પ્રકારના ઉત્તરોત્તર દાવાઓ, અપીલો ઈત્યાદી પરત ખેંચી લીધા હોવાની કબુલાત સ્વરૂપે કન્ફર્મેશન લેખ, (૧) કંકુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી, મણીબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી અને મંજુબેન તે ખુશાલભાઈ ગોવનભાઈની દીકરી એ તારીખ ૨૭-૦૪-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; (૨) કાંતિભાઈ મગનભાઈ પટેલ, મનુબેન તે મગનભાઈ પટેલની દીકરી, ઠાકોરભાઈ ઉર્ફે બળવંતભાઈ શંકરભાઈ પટેલ, સુરેશભાઈ ઠાકોરભાઈ ઉર્ફે બળવંતભાઈ પટેલ, દિનેશભાઈ ઠાકોરભાઈ ઉર્ફે બળવંતભાઈ પટેલ, ભાનુબેન તે ઠાકોરભાઈ ઉર્ફે બળવંતભાઈ પટેલની દીકરી, સુમનબેન ઉર્ફે વાસંતીબેન તે ઠાકોરભાઈ ઉર્ફે બળવંતભાઈ પટેલની દીકરી, હેમલતાબેન તે ઠાકોરભાઈ ઉર્ફે બળવંતભાઈ પટેલની દીકરી, ભીખીબેન તે મગનભાઈ પટેલની દીકરી, મર્હુમ રતનબેન તે ખુશાલભાઈ ગોવનભાઈ પટેલની દીકરીના વારસદારો એવા ધનુબેન તે રતનબેન ખુશાલભાઈ પટેલની દીકરી, મણીબેન તે રતનબેન ખુશાલભાઈ પટેલની દીકરી, દક્ષાબેન તે રતનબેન ખુશાલભાઈ પટેલની દીકરી, નરેશભાઈ સોમાભાઈ પટેલ અને કિરીટભાઈ સોમાભાઈ પટેલ એ તારીખ ૦૭-૦૬-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; (૩) ધનુબેન તે છોટુભાઈ મગનભાઈ પટેલની વિધવા, નિલા અર્જુનભાઈ પટેલ, રેખાબેન કલ્પેશભાઈ પટેલ તે છોટુભાઈ

મગનભાઈ પટેલની દીકરી, ડિમ્પલબેન વિરલભાઈ પટેલ તે છોટુભાઈ મગનભાઈ પટેલની દીકરી અને મુકેશભાઈ છોટુભાઈ પટેલ એ તારીખ ૦૮-૦૬-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; (૪) દિપકકુમાર ઉર્ફે ચેતનભાઈ ઉત્તમભાઈ પટેલ, હેમંતકુમાર ઉત્તમભાઈ પટેલ અને ગીતાબેન તે મોહનભાઈ મકનભાઈ પટેલની દીકરી તથા બળવંતભાઈ પટેલ ના પત્નિ એ તારીખ ૨૦-૦૮-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; (૫) રમણબેન તે કાંતીભાઈ મગનભાઈ ના વિધવા, દિનેશભાઈ કાંતીભાઈ, સોનલબેન તે સંજયભાઈ કાંતીભાઈ ના વિધવા, જેનીલ સંજયભાઈ, કેનીલ સંજયભાઈ, રેખાબેન તે કાંતીભાઈ મગનભાઈની દીકરી, અનસુયાબેન તે કાંતીભાઈ મગનભાઈની દીકરી અને વનીતાબેન તે કાંતીભાઈ મગનભાઈની દીકરી એ તારીખ ૨૦-૦૮-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; (૬) બેનાબેન તે સુમનભાઈ મોહનભાઈ ના વિધવા, રાકેશભાઈ સુમનભાઈ પટેલ, સુનિતાબેન સુમનભાઈ પટેલ, કિરણકુમારી સુમનભાઈ પટેલ, પ્રવિણભાઈ છોટુભાઈ પટેલ, દિપીકાબેન તે પ્રવિણભાઈ છોટુભાઈ પટેલની દીકરી, બીનીતાબેન તે પ્રવિણભાઈ છોટુભાઈ પટેલની દીકરી અને લલીતાબેન મહેશભાઈ પટેલ એ તારીખ ૧૬-૧૦-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; તથા (૭) રાહુલકુમાર કિશોરભાઈ પટેલ અને નિકેશકુમાર કિશોરભાઈ પટેલ એ તારીખ ૧૦-૧૨-૨૦૧૮ ના રોજ લખી આપેલ હતોં; જે કન્ફર્મેશન લેખો, સુરત સીટી-૮ (રાંદેર) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં, અનુક્રમે (૧) અનુક્રમ નંબર ૩૪૯ થી તારીખ ૨૬-૦૪-૨૦૧૮ ના રોજ; (૨) અનુક્રમ નંબર ૪૪૯ થી તારીખ ૨૧-૦૬-૨૦૧૮ ના રોજ; (૩) અનુક્રમ નંબર ૪૫૩ થી તારીખ ૨૧-૦૬-૨૦૧૮ ના રોજ; (૪) અનુક્રમ નંબર ૬૪૧ થી તારીખ ૨૦-૦૮-૨૦૧૮ ના રોજ; (૫) અનુક્રમ નંબર ૬૪૨ થી તારીખ ૨૦-૦૮-૨૦૧૮ ના રોજ; (૬) અનુક્રમ નંબર ૭૭૬ થી તારીખ ૨૦-૧૦-૨૦૧૮ ના રોજ; તથા (૭) અનુક્રમ નંબર ૮૮૪ થી તારીખ ૧૯-૧૨-૨૦૧૮ ના રોજ નોંધવામાં આવેલ હતાં.

મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈ ની દીકરી મંછીબેન ના વારસદાર પુત્ર કાંતીભાઈ મગનભાઈ, તેમજ મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈ ના અન્ય વારસદારોએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીનમાં, તેમનો હક્ક, હિસ્સો હોવાનું જાહેર કરીને, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન પૈકી, સુમારે ૯૨૦૩.૮૦ ચોરસ મીટર ના ક્ષેત્રફળ વાળી, પોત-ખરાબા સહિતની જમીનનો એક વેચાણ દસ્તાવેજ કાળુભાઈ જાદવભાઈ કાનાણી ની તરફેણમાં, તારીખ ૧૨-૦૧-૨૦૦૭ ના રોજ કરી/લખી આપેલ હતોં. જે વેચાણ દસ્તાવેજ, સુરત સીટી-૪ (કતારગામ) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં, અનુક્રમ નંબર ૭૫૬ થી તારીખ ૧૨-૦૧-૨૦૦૭ ના રોજ નોંધણી માટે રજું કરવામાં આવેલ હતોં અને અનુક્રમ નંબર ૭૫૬ થી તારીખ ૦૯-૦૩-૨૦૦૭ ના રોજ નોંધવામાં આવેલ હતોં. ખરી હકિકતમાં, મર્હુમ ખુશાલભાઈ ગોવનભાઈ ના વારસદાર પુત્ર એવા મર્હુમ નગીનભાઈ ખુશાલભાઈ ના વારસદારો, સુમનબેન તે નગીનભાઈ ખુશાલભાઈના વિધવા, વગેરેએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ જમીન, ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેને, તારીખ

૨૦-૦૬-૧૯૯૭ ના રોજ વેચાણ દસ્તાવેજ લખી આપીને વેચાણ આપેલ હોયને, મજકૂર કાળુભાઈ જાદવભાઈ કાનાણીની તરફેણમાં કરવામાં આવેલ, બીનઅમલી એવા વેચાણ દસ્તાવેજને રદ કરવા માટે, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેએ, એક રેગ્યુલર દિવાની મુકદમા નંબર ૬૯૭/૨૦૨૧ નો, સુરત ના છઠ્ઠા એડીશનલ સીવીલ જડજની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હતો. જે દાવા દરમ્યાન, કાળુભાઈ જાદવભાઈ કાનાણીએ, તેમની તરફેણમાં કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ રદબાતલ હોવાનું સ્વીકાર કરીને, તથા મજકૂર જમીન/ મિલકત ઉપર તેમનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો ન હોવાનું સ્વીકાર કરીને, મજકૂર ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, વગેરેની તરફેણમાં કરવામાં આવેલ તારીખ ૨૦-૦૬-૧૯૯૭ ના રોજ ના વેચાણ દસ્તાવેજનો સ્વિકાર કરેલ હતો. જે કામે તૈયાર કરવામાં આવેલ સમાધાન લેખનો સ્વીકાર કરીને, સુરત ના છઠ્ઠા એડીશનલ સીવીલ જડજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટએ, તારીખ ૧૧-૧૨-૨૦૨૧ ના રોજ સમાધાન મુજબ, હુકમનામું ફરમાવેલ હતું.

ત્યાર બાદ, સહમાલિકો પૈકીના ગોપાળભાઈ લાલજીભાઈ મયાણી, તારીખ ૧૨-૧૨-૨૦૨૧ ના રોજ કે તે અરસામાં અવસાન પામેલ હતાં. મર્હુમ ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીના વારસદારો પૈકીના, રમેશભાઈ ગોપાળભાઈ મયાણી અને શાંતાબેન ગોપાળભાઈ મયાણીના નામો, રેવન્યું દફતરે ચાલી આવેલ હોયને, પંચક્યાસ, પેઢીનામું, તેમજ પક્ષકારો અને વારસદારોએ આપેલ જવાબો અને સંમતી મુજબ, રેવન્યું દફતરેથી, મર્હુમ ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીનું નામ કમી કરીને, તેમના બાકીના વારસદારો એવા વંદનાબેન તુલસીભાઈ માવાણી તે ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની દીકરી અને રસીલાબેન બીપીનભાઈ ડાંખરા તે ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની દીકરીના નામો, મજકૂર ગામ મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીનના સહમાલિક, કબજેદારો તરીકે દાખલ કરવામાં આવેલ હતાં. મજકૂર વારસાઈની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૮૬૯ થી તારીખ ૨૦-૦૧-૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હતી, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૦૩-૦૩-૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતી.

ત્યાર બાદ, વંદનાબેન તુલસીભાઈ માવાણી તે ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની દીકરી અને રસીલાબેન બીપીનભાઈ ડાંખરા તે ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની દીકરીએ, તારીખ ૦૪-૦૨-૨૦૨૨ ના રોજ, એક બીનઅવેજી રીલીઝ ડીડ યાને ફારગતી નો લેખ, રમેશભાઈ ગોપાળભાઈ મયાણી અને શાંતાબેન ગોપાળભાઈ મયાણીની તરફેણમાં લખી આપીને, મજકૂર ગામ મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીન માહેનો, તેમનો તમામ હક્ક, હિત, હિસ્સો રમેશભાઈ ગોપાળભાઈ મયાણી અને શાંતાબેન ગોપાળભાઈ મયાણીની તરફેણમાં જતો કરેલ હતો, ઉઠાવી લીધેલ હતો. મજકૂર બીનઅવેજી

રીલીઝ ડીડ યાને ફારગતીનો લેખ, સુરત સીટી-૮ (રાંદેર) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં, અનુક્રમ નંબર ૧૬૦ થી તારીખ ૦૪-૦૨-૨૦૨૨ ના રોજ નોંધવામાં આવેલ હતો. જેની રૂએ, રેવન્યું દફતરેથી, મજકૂર વંદનાબેન તુલસીભાઈ માવાણી તે ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની દીકરી અને રસીલાબેન બીપીનભાઈ ડાંખરા તે ગોપાળભાઈ લાલજીભાઈ મયાણીની દીકરી ના નામો, સહમાલિક, કબજેદારો તરીકેથી કમી કરવામાં આવેલ હતાં. મજકૂર હક્ક કમીની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૮૮૫ થી તારીખ ૧૪-૦૨-૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હતીં, જે એન્ટ્રી ત્યાર બાદ તારીખ ૨૪-૦૩-૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ હતીં.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનએ, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ટેન્ટેટીવ રી-કોન્સ્ટીટ્યુશન મુજબ, ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીનના સબ પ્લોટીંગ લે-આઉટ પ્લાનો, મંજુર કરીને, સબ પ્લોટીંગ અને વિકાસની પરવાનગી, રજાચિઠ્ઠી નંબર : 002LD21220240, તારીખ ૦૩-૦૨-૨૦૨૨ થી આપેલ છે.

ત્યાર બાદ, મજકૂર રમેશભાઈ ગોપાળભાઈ મયાણી, શાંતાબેન ઉર્ફે શાંતુબેન ગોપાળભાઈ મયાણી, ભગવાનભાઈ કરમશીભાઈ ખેની, ધુમેનભાઈ ભગવાનભાઈ ખેની, કમલેશભાઈ ભગવાનભાઈ ખેની, લખમણભાઈ કરમશીભાઈ ખેની, કિશોરભાઈ લખમણભાઈ ખેની અને ધર્મેશભાઈ લખમણભાઈ ખેનીએ, સાથે મળીને, મજકૂર મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ટેન્ટેટીવ રી-કોન્સ્ટીટ્યુશન મુજબ, ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી, સંપુર્ણ પુરેપુરી જમીન/મિલકત, અમો બીજી તરફવાળા વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ ને, તારીખ ૨૩-૦૫-૨૦૨૨ ના રોજ વેચાણ દસ્તાવેજ લખી આપીને વેચાણ આપેલ હતીં. જે વેચાણ દસ્તાવેજ, સુરત સીટી-૪ (કતારગામ) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં અનુક્રમ નંબર ૧૫૯૬૩ થી તારીખ ૨૩-૦૫-૨૦૨૨ ના રોજ નોંધવામાં આવેલ હતો. મજકૂર વેચાણની નોંધ, રેવન્યું દફતરે, એન્ટ્રી નંબર ૧૧૯૩૮ થી તારીખ ૦૧-૦૬-૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ હતીં.

ઉપરોક્ત વિગતે, મજકૂર શહેર સુરત, ગામ મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી, જુની શરતની બીનખેતી ઉપયોગી જમીનના અમો બીજી તરફવાળા વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ, સંપુર્ણ અને સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર, વહિવટદાર બનેલા છીએ, જેની ઉપર, અમો બીજી તરફવાળાએ, "મલબેરી બંગલોઝ" નામથી રહેણાંકના ખુલ્લી જમીનના પ્લોટોનું આયોજન કરેલ છે, અને તેની હરકોઈ પ્રકારની વ્યવસ્થા કરવા/કરાવવાનો, અમો બીજી તરફવાળાને, સંપુર્ણ હક્ક અને અધિકાર છે સહીં. એણી વિગતે, અમો બીજી તરફવાળા વેચાણ આપનારાથી, મજકૂર મિલકતના ટાઈટલ્સ સંપૂર્ણ બને છે.

મજકૂર શહેર સુરત, ગામ મોજે **કતારગામ** ના રેવન્યું **સર્વે નંબર ૮૬** થી નોંધવામાં આવેલ, **ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ)** ના મુળખંડ ૪૬ અને **ફાઈનલ પ્લોટ નંબર ૭૫** વાળી જમીનમાં પાડવામાં આવેલ, ખુલ્લી જમીનના પ્લોટો પૈકી, **પ્લોટ નંબર** .... વાળી, **"મલબેરી બંગલોઝ" પ્લોટ નંબર** .... થી ઓળખવામાં આવતીં, ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકતના ટાઈટલ્સ, લે-આઉટ પ્લાન, રજાચિઠ્ઠી, કોમન ફેસીલીટીઝ ઇત્યાદિ તમામ બાબતોની તમો એક તરફવાળાએ, જાતે તેમજ તે બાબતોના નિષ્ણાતો દ્વારા જાણકારી મેળવીને, જોઈ તપાસીને, તમામ બાબતોની ખાતરી કરી/કરાવી લઈને તથા તે તમામનો સ્વીકાર કરીને, કબૂલ મંજૂર રાખીને, મજકૂર **પ્લોટ નંબર** .... વાળી, **"મલબેરી બંગલોઝ" પ્લોટ નંબર** .... થી ઓળખવામાં આવતીં મિલકત વેચાણ રાખવાનું નક્કી કરેલ, અને તે ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકત, અમો બીજી તરફવાળાએ, તમો એક તરફવાળાને, રૂ. ... .../- અંકે રૂપિયા .... પુરા ના કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ હતું, તેનો આ વેચાણ દસ્તાવેજ, અમો બીજી તરફવાળા, તમો એક તરફવાળા વેચાણ રાખનારાની તરફેણમાં લખી/કરી આપીએ છીએ. મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનું સંપૂર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ છે. મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ તથા નીચે પરિશિષ્ટમાં વર્ણવામાં આવેલ મિલકતને હવે પછી આ દસ્તાવેજમાં "મજકૂર મિલકત" અને/અગર "મજકૂર વેચાણ આપેલ મિલકત" એ રીતે સંબોધવામાં આવેલ છે સહી.

મજકૂર, તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતના વેચાણ અવેજના નાણાં, તમો એક તરફવાળા તરફથી, અમો બીજી તરફવાળાને નીચેની વિગતે ચુક્તે મળેલ છે.

તારીખ	રકમ	ચેક નંબર	બેન્કનું નામ

કુલ રકમ રૂ. ... .../- અંકે રૂપિયા .... પુરા..

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં રૂ. ... .../- અંકે રૂપિયા .... પુરા, તમો એક તરફવાળા પાસેથી પૂરેપૂરા, અમો બીજી તરફવાળાને મળી ગયેલ છે, તેની અમો બીજી તરફવાળા આ વેચાણ દસ્તાવેજ થકી પહોંચ સ્વીકારીએ છીએ તથા રસીદ આપીએ છીએ. ભવિષ્યમાં નાણાં ઓછા મળ્યા બદલ કે ન મળ્યા બદલ કે અવેજ ઓછો મળ્યા બદલની અમો બીજી તરફવાળાએ કોઈ તર-તકરાર કરવા/કરાવવાની નથી તેમ છતાં કરીએ/કરાવીએ તો તે ચાલે નહીં અને તે આથી રદબાતલ થાય સહી ગણાય સહી.

ઉપરની વિગતે વેચાણ અવેજના ચૂકતે નાણાં અમો બીજી તરફવાળાએ તમો એક તરફવાળા પાસેથી ચૂકતે મેળવી લઈને આ વેચાણ દસ્તાવેજ તમો એક તરફવાળાની તરફેણમાં કરી આપી, તમો એક તરફવાળાને મજકૂર જમીન/મિલકતના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક બનાવીને, મજકૂર ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકત, તમો એક તરફવાળાના સંપૂર્ણ અને સ્વતંત્ર પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટપણાંમાં, માલિકીપણામાં અમો બીજી તરફવાળાએ સોંપી દીધેલ છે. મજકૂર મિલકત કે તેના કોઈ હિસ્સા ઉપર હવે પછી અમો બીજી તરફવાળાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિસ્સો, દરદાવો, કબજો, ભોગવટો રહ્યો નથી અને તેવા અમારા તમામ હક્ક, હિત, સંબંધોનો આથી અંત આણ્યો છે સહી. તમો એક તરફવાળા, મજકૂર ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકતમાં નિયમોનુસાર બાંધકામના પ્લાન મંજુર કરાવીને, મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવા/કરાવવા; તેમા વસવા/વસાવવા; તેમજ તમારી મરજી અનુસાર મજકૂર મિલકત ગીરવી, વેચાણ, બક્ષિસ ઇત્યાદિ હર કોઈ પ્રકારે તેની વ્યવસ્થા કરવા/કરાવવા તમો એક તરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો ઇત્યાદિ તમામ સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર, હકદાર, કબજેદાર થયા છો સહી.

તમો એક તરફવાળાને વેચાણ આપેલ મજકૂર મિલકત તદ્દન નબોજી, નકરજી, ચોખ્ખા માર્કિટેબલ ટાઈટલ્સ વાળી છે અને તે મિલકત અમો બીજી તરફવાળાએ, તમો એક તરફવાળા વેચાણ રાખનાર સિવાય અન્ય કોઈને વેચાણ આપી નથી કે કોઈને ગીરવી, બક્ષિસ કે સાટાખતથી લખી આપેલ નથી; કે તે સરકારી કચેરીઓના પ્રકરણમાં સંડોવાયેલી નથી; કે કોઈને જામીન તરીકે લખી આપેલ નથી; કે તેના ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો ચાર્જ કે બોજો નથી, તેની સંપૂર્ણ ખાત્રી, તમો એક તરફવાળાને કરાવી આપેલ છે અને તે તમામની તમો એક તરફવાળાએ જાતે ખાત્રી કરી/કરાવીને, તે તમામ કબુલ, મંજુર રાખીને મજકૂર મિલકત વેચાણ રાખેલ છે. તેમજ મજકૂર વેચાણ આપેલ મિલકતના ટાઈટલ્સ અંગેના જુના દસ્તાવેજોની નકલો, રેવન્યું દફતરની નકલો, પરવાનગીઓ, સબ પ્લોટીંગ લે-આઉટ પ્લાન, રજાચિઠ્ઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો, તમો એક તરફવાળાને આપવામાં આવેલ છે. આથી તેવા ટાઈટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની હવે પછી કોઈપણ પ્રકારની માંગણી કે તર-તકરાર, તમો એક તરફવાળાએ કરવા/કરાવવાની નથી અને તેનો તમો એક તરફવાળાએ સ્વીકાર કરેલો છે સહીં.

મજકૂર તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકતનું નક્કી થયા મુજબનું તમામ પ્રકારની કોમન ફેસીલીટીઝ સહિતની તમામ કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે, અને તે તમામથી તમો એક તરફવાળાને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને તે તમામની તમો એક તરફવાળાએ જાતે તથા તે બાબતોના નિષ્ણાત જાણકારો પાસે તપાસ કરી/કરાવીને, ખાતરી કરી/કરાવીને જોઈ-તપાસી લઈને ખુલ્લી જમીનના પ્લોટનો પ્રત્યક્ષ કબજો મેળવેલ છે.

અમો બીજી તરફવાળાએ, આ વેચાણ દસ્તાવેજથી, તમો એક તરફવાળા વેચાણ રાખનાર ને, માત્ર નીચે પરિશિષ્ટમાં જણાવેલ, ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકત, "મલબેરી બંગલોઝ" વસાહતના પ્લોટ હોલ્ડર્સ, માલિકો, કબજેદારો માટેના સહિયારા વપરાશના કોમન ઓપન પ્લોટ અને સહીયારા રસ્તાની જમીનના સહીયારા વપરાશના હક્ક સહિતની વેચાણ આપેલ છે, તે સિવાયની મજકૂર "મલબેરી બંગલોઝ" વસાહતની બાકીની જગ્યા/મિલકત/ખુલ્લી જમીન/માર્જીન ઈત્યાદીમાં, આ વેચાણ દસ્તાવેજ દ્વારા સ્પષ્ટ રીતે આપવામાં આવેલા હક્ક સિવાયના, અન્ય કોઈપણ પ્રકારના પ્રત્યક્ષ, પરોક્ષ કે આભાસી માલિકી કે વપરાશી હક્ક, હિસ્સો કે અધિકાર તમો એક તરફવાળાને વેચાણ કે અન્ય રીતે આપવામાં આવેલ નથી, અને તેથી તેવા કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો કે અધિકાર તમો એક તરફવાળાનો છે નહિ, રહેશે નહિ કે ગણાશે નહી. અને તેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, કબુલ-મંજુર રાખીને મજકૂર ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકત વેચાણ રાખેલ છે.

મજકૂર, મોજે કતારગામ ના રેવન્યું સર્વે નંબર ૮૬ થી નોંધવામાં આવેલ, ટી. પી. સ્કીમ નંબર ૪૯ (કતારગામ) ના મુળખંડ ૪૬ અને ફાઈનલ પ્લોટ નંબર ૭૫ વાળી જમીન/મિલકત અંગે, અમો બીજી તરફવાળા દ્વારા નિમણુંક કરવામાં આવેલા આર્કિટેક્ટ, એન્જીનીયર, સુપરવાઈઝર્સ ઈત્યાદીની કામગીરી પુર્ણ થયેલ હોયને અને હવે પછી તમો એક તરફવાળાએ, જે તે સમયે અમલમાં હોય તેવા નિતીનિયમનોને આધિન, આર્કિટેક્ટ, એન્જીનીયર સુપરવાઈઝર્સની નિમણુંક કરીને, તમો એક તરફવાળાને વેચાણ આપેલ મિલકત અંગેના બાંધકામ અને વિકાસના પ્લાનો, તમો એક તરફવાળાએ, પોતાના સ્વખર્ચે તૈયાર કરીને, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને/અગર જે તે સક્ષમ સત્તામંડળ પાસે મંજુર કરાવીને, જે તે સમયે અમલમાં હોય તેવા નિતીનિયમનોને આધિન, આર્કિટેક્ટ, એન્જીનીયર સુપરવાઈઝર્સની નિમણુંક કરીને, મંજુર પ્લાન મુજબનું બાંધકામ કરવાનું રહેશે. જે તે સમયે ટી. પી. સ્કીમના અમલના કારણે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન કે અન્ય સક્ષમ સત્તામંડળની કાર્યવાહીને કારણે કે અન્ય કારણોસર તમો એક તરફવાળાને વેચાણ આપવા નક્કી કરેલ મિલકતના ક્ષેત્રફળમાં જે કાંઈ ફેરફાર થાય, તે તમો એક તરફવાળાને બંધનકર્તા રહેશે સહીં.

મજકૂર "મલબેરી બંગલોઝ" વસાહતના મિલકત માલિકો, કબજેદારોના વપરાશ માટે લે આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ કોમન પ્લોટ મુકવામાં આવેલ છે, મજકૂર કોમન પ્લોટ વાળી જમીન/મિલકતમાં, દરેક મિલકત માલિક, કબજેદારોને સહિયારો હક્ક અને અધિકાર રહેશે. તે ઉપરાંત મજકૂર "મલબેરી બંગલોઝ" વસાહતના મિલકત માલિકો, કબજેદારોના વપરાશ માટે લે આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ રસ્તો મૂકવામાં આવેલ છે. તે રસ્તામાં થઈને આવવા-જવા, માલ સામાન વાહન વગેરે લાવવા-લઈ જવા ઇત્યાદિ તમામ ઉપયોગ માટે, દરેક મિલકત માલિકો, કબજેદારોને સહિયારો હક્ક અને અધિકાર રહેશે. મજકૂર કોમન પ્લોટ અને સહીયારા રસ્તાની સાફ-સફાઈ, રીપેરીંગ, સ્ટ્રીટ લાઈટ રીંપેરીંગ, વિજળી વપરાશ વગેરેના ખર્ચાઓ;

રસ્તા તથા સહીયારી વપરાશની જમીનના મહેસુલ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓના વેરાઓ, ચાર્જીસ તથા અન્ય સહિયારી કામગીરી, ઉપયોગ વગેરે બાબતે થતા ખર્ચાઓ, "મલબેરી બંગલોઝ" વસાહતના તમામ પ્લોટ હોલ્ડર્સ માલિકો, કબજેદારોએ, સહિયારી રીતે ચુકવવાના/ ભોગવવાના રહેશે સહી.

મજકૂર **"મલબેરી બંગલોઝ"** વસાહતના મેઈન્ટેનન્સ, વહિવટ, દેખરેખ અને જાળવણી માટે, જો કોઈ એસોસિએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવે તો તમો એક તરફવાળાએ તથા અન્ય પ્લોટ હોલ્ડર્સ, માલિકો, કબજેદારોએ ફરજીયાત રીતે, તેના સભાસદ બનવાનું રહેશે તથા તેની રચના કરવા અંગે જે કોઈ ખર્ચ થાય, તેમાં તમારા હીસ્સે પડતા ખર્ચની રકમ/નાણાં તમો એક તરફવાળાએ ચુકવવાના રહેશે તથા ઘડવામાં આવતા નિતી નિયમોનું પાલન કરવાનું રહેશે તથા નિયત કરવામાં આવે તેવી મેઈન્ટેનન્સ ખર્ચની રકમ/નાણાં, નિયમિત રીતે, તમો એક તરફવાળાએ ચુકવવાના રહેશે. તે ઉપરાંત નક્કી કરવામાં આવે, તેટલી રકમ/નાણાં, મેઈન્ટેનન્સ ડિપોઝીટ તરીકે, તમો એક તરફવાળાએ ચુકવવાના / ભરપાઈ કરવાના રહેશે, જેનો તમો એક તરફવાળાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને, મજકૂર મિલકત વેચાણ રાખવા નક્કી કરેલ છે.

મજકૂર "મલબેરી બંગલોઝ" વસાહતની કામગીરી પુર્ણ થયેથી, કોમન પ્લોટ, રોડ-રસ્તા, વગેરે કોમન એરીયાના તમામ રાઈટ્સ, અમો બીજી તરફવાળાએ, મજકૂર એસોસિએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીની તરફેણમાં તબદીલ કરવાના રહેશે અને જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા અન્વયે, જરૂરીયાત ઉપસ્થિત થાય તો, મજકૂર કોમન એરીયાની તબદીલીનો દસ્તાવેજ, અમો બીજી તરફવાળાએ, મજકૂર એસોસિએશન કે સોસાયટી કે સર્વીસ સોસાયટીની તરફેણમાં કરી આપવાનો રહેશે સહીં.

મજકૂર મિલકત વેચાણ આપવા બાબતે, તમો એક તરફવાળાની તરફેણમાં કરવામાં આવેલ, સુરત સીટી-૪ (કતારગામ) ના સબ-રજીસ્ટ્રારની કચેરીમાં, અનુક્રમ નંબર .... થી તારીખ .... રોજ નોંધવામાં આવેલ, વેચાણ કરારની તમામ શરતો, તમો એક તરફવાળા તથા અમો બીજી તરફવાળાને, સ્વીકાર્ય અને બંધનકર્તા રહેશે સહીં અને ગણાશે સહીં.

સંજોગોવશાત, આ વેચાણ દસ્તાવેજની શરતોના અર્થઘટન, અમલ, કોઈપણ બાબતે કોઈ મત-ભેદ, વાંધો-તકરાર ઉપસ્થિત થાય, તો તે સંજોગોમાં, કોર્ટ-કચેરીનો કે અન્ય કોઈ આશરો લેતા પહેલા, પક્ષકારોએ સાથે મળી-સમજીને, સમજુતીથી, જે તે બાબતનો નિકાલ કરવાનો રહેશે. વિકલ્પે, રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ તથા તેના નિયમો અને નિયમનો હેઠળ નિમવામાં આવેલ, કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા તેનો નિકાલ લાવવાનો રહેશે.

પરિવર્તનક્ષમતા : આ સમજૂતીની કોઈ જોગવાઈ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા બીજા લાગુ પડતા કાયદા હેઠળ રદ કરવાનું અથવા બિન અમલપાત્ર કરવાનું નક્કી કરવામાં આવે, તો સમજૂતીની આવી જોગવાઈઓ, આ સમજૂતીના હેતુ સાથે જેટલા પ્રમાણમાં વાજબી રીતે અસંગત હોય તેટલા પ્રમાણમાં અને અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો અથવા યથાપ્રસંગ લાગું પડતા કાયદાને અનુરૂપ કરવા માટે જેટલા પ્રમાણમાં જરૂરી હોય તેટલા પ્રમાણમાં સુધારેલી અથવા રદ કરેલી હોવાનું ગણાશે અને આ સમજૂતીની બાકીની જોગવાઈઓ, આ સમજૂતી કરવાના સમયે જે રીતે લાગું પડતી હોય તે જ રીતે કાયદેસર અને પ્રવર્તમાન રહેશે.

તમો એક તરફવાળાને વેચાણ આપેલ, મજકૂર મિલકત અંગેના તમામ સરકારી-અર્ધ સરકારી કચેરીઓ, તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વેરાઓ, શિક્ષણ ઉપકર, વગેરે તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ ભરપાઈ કરવામાં આવેલ છે. મજકૂર મિલકત અંગેના હવે પછીના, તેવા તમામ વેરાઓ, શિક્ષણ ઉપકર, મહેસુલ, એન.એ. બેટરમેન્ટ ચાર્જીસ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના ચાર્જીસ, અન્ય વેરાઓ, ફાળાઓ ઈત્યાદિ તમામ તમો એક તરફવાળાએ ભરપાઇ કરવાના રહેશે સહી. તેમજ સમગ્ર "મલબેરી બંગલોઝ" વસાહત અંગેના તેવા વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ ની ફાળે પડતી રકમ/નાણાં, તેમજ મજકૂર વેચાણ આપેલ મિલકત અંગે ભરવાપાત્ર ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારના જીએસટી કે અન્ય સરકારી-અર્ધસરકારી કચેરીના તમામ ટેક્ષીસ, સરચાર્જીસ, એડીશનલ ટેક્ષીસ, વેટ, ચાર્જીસ વગેરે, તમો એક તરફવાળાએ ચુકવવાના/ભોગવવાના રહેશે સહીં

તમો એક તરફવાળાને વેચાણ આપેલ મજકૂર મિલકત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના દફતરે, રેવન્યું કચેરીઓના દફતરે, તેમજ અન્ય સરકારી - અર્ધ સરકારી કચેરીઓ ના દફતરે તમો એક તરફવાળા તમારા નામ ઉપર દાખલ કરાવી લેજો. તે અંગે જરૂરી સહી, કબૂલાત, મંજૂરી વગેરે અમો બીજી તરફવાળાએ, આપવી સહી. તથા આ વેચાણ દસ્તાવેજ થકી અમારી તેવી કબુલાત, મંજુરી ગણાય સહી.

આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, લખાણ ફી, તથા અન્ય પરચૂરણ ખર્ચ તમો એક તરફવાળાએ ભોગવેલ છે, ચૂકવેલ છે તથા ભોગવવાનો/ચૂકવવાનો રહેશે. ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, દંડ, વ્યાજ, જીએસટી કે અન્ય ખર્ચાઓની જે કાંઈ રકમ ચૂકવવાની થાય તો તે તમામ રકમ/નાણાં તમો એક તરફવાળાએ ભરપાઇ કરવાના રહેશે સહી.

:: પરિશિષ્ટ ::

:: વેચાણ આપેલ મિલકતનું વર્ણન ::

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સુરત, સબ ડિસ્ટ્રીક્ટ સુરત સીટી-૪ (કતારગામ), તાલુકા સુરત સીટી (કતારગામ), શહેર સુરત, રામકથા રોડ, આંબા તલાવડી, કતારગામ વિસ્તારમાં આવેલ,

ગામ મોજે **કતારગામ** ના રેવન્યું **સર્વે નંબર ૮૬** થી નોંધવામાં આવેલ, **ટી. પી. સ્કીમ નંબર ૪૯** (કતારગામ) ના મુળખંડ ૪૬ અને **ફાઈનલ પ્લોટ નંબર ૭૫** વાળી, ફાઈનલ પ્લોટ મુજબ ૮૪૯૯.૦૦ ચોરસ મીટર ના ક્ષેત્રફળ વાળી જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી, **પ્લોટ નંબર ....** થી નોંધવામાં આવેલ, **"મલબેરી બંગલોઝ" પ્લોટ નંબર ....** થી ઓળખવામાં આવતી, રહેણાંક હેતુસર બીનખેતી ઉપયોગની ખુલ્લી જમીનના પ્લોટ વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે .... **ચોરસ મીટર** છે, તથા સહિયારા વપરાશના કોમન ઓપન પ્લોટ ની જમીનના ફાળે પડતા વણવહેંચાયેલા હિસ્સાની જમીનનું ક્ષેત્રફળ .... ચોરસ મીટર છે અને સહિયારા વપરાશના રસ્તાની જમીનના ફાળે પડતા વણવહેંચાયેલા હિસ્સાની જમીનનું ક્ષેત્રફળ .... ચોરસ મીટર છે, તે સંપુર્ણ પુરેપુરી જમીન/મિલકત, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો, તથા મૂળ હક્કો સહિત કે જેની ચતુઃસીમા નીચે દર્શાવ્યાં મુજબની છે.

ઉત્તરે :
દક્ષિણે :
પુર્વે :
પશ્ચિમે :

ઉપરની વિગતે આ વેચાણ દસ્તાવેજ અમો બીજી તરફવાળા વેચાણ આપનારાએ અમારી રાજીખુશી થી તથા અક્કલ હોશિયારીથી, તન-મનની સ્વસ્થ, સાવધ અને બીન કેફી અવસ્થામાં, કોઈના કોઈપણ પ્રકારના દાબ, દબાણ, ધાક, ધમકી કે શેહ શરમમાં આવ્યાં વિના, વાંચી, વંચાવી, સાંભળી, વિચારી, સમજી લઈને લખી આપેલ છે, કરી આપેલ છે. જે અમો બીજી તરફવાળા, વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ, તેના ડિરેક્ટર્સ, એક્ઝિક્યુટર્સ, એડમિનિસ્ટ્રેટર્સ, એસાઈનીઝ, અધિકૃત પ્રતિનિધિઓ ઇત્યાદિ તમામને એકામતે અને એકાજુથે કબૂલ, મંજૂર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે... મત્તુ   તત્રે.. શાખ

વિશ્વાસ હાઈટેક ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ
તેના વતી અને તરફે અધિકૃત કંપની ડિરેક્ટર,
મુકેશભાઇ ડુંગરભાઈ ડાલીયા

(મુકેશભાઈ ડુંગરભાઈ ડાલીયા)
(બીજી તરફવાળા - વેચાણ આપનારા)